**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૯ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન બગીચાના હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન ઊર્ણગ્રંથીના કલાત્મક હિંડોળા યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભાનુભાઈ શાંતિલાલ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૬૫/૧, પંચવટી પાર્ક ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા રજનીકાંત એસ. ઓઝાના નિવાસસ્થાન એ-૨૦૪, સ્વાગત રેઈન ફોરસ્ટ-૪ સરગાસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રુદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી સાંજના ૮ દરમિયાન મયુર પંખના હિંડોળા તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે રાત્રે ૮.૧૫ કલાકથી નિલેષભાઈ પંડયા દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોતથી અભિષેકાત્મક લઘુરુદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા સંતોષ બી. ઠાકરના નિવાસસ્થાન ૧૨૮/૧ કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

# શહેરના બજારમાં તહેવારોને પગલે ભીડ

## શહેરીજનો ખરીદીના મૂડમાં : શહેરના રાખડી, ફ્રુટ અને ફરસાણના બજારો સાથે શ્રાવણના સોમવારને લઈને મંદિરોમાં પણ ભીડ

ગાંધીનગર, તા.૧૨

રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે શહેરમાં તહેવારની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સાથે સાથે ૧૫મી ઓગષ્ટ અને શ્રાવણ મહિનો જેના લીધે માર્કેટમાં ભીડ જામી છે. સળંગ આવતી સરકારી ૩ રજાઓને પગલે શહેરીજનો ખરીદી માટે ઉમટયા છે. રાખડી, મીઠાઈ અને કપડા અને શાકમાર્કેટ સાથે ફ્રુટ બજારમાં પણ ભીડ જોવા મળી રહી છે.

તહેવારોની સિઝન ચાલી રહી છે અને સાથે સાથે શ્રાવણનો સોમવાર અને બદરી ઈદની જાહેર રજા અને સરકારમાં સળંગ શનિથી સોમની રજા આવતા શહેરીજનો ઉત્સાહભેર માર્કેટમાં ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.

સે-૨૧, ૨૪ તથા સે-૭ના માર્કેટ સાથે વિવિધ જાહેર જગ્યાએ શહેરીજનોની ભીડ જોવા મળી રહી છે. શહેરમાં વિવિધ પ્રકારની રાખડી ઉપલબ્ધ છે. સાથે સાથે બહેનો માટે લવાતી ભેટ માટે શહેરના કપડા બજાર-મીઠાઈ બજારમાં પણ અત્યારે તેજી છે. આ ઉપરાંત રક્ષાબંધન અને સ્વાતંત્ર્ય દિન એક જ દિવસે આવતા હોવાથી બાળકોને સ્વાતંત્ર્ય દિનને દિવસે શાળામાં પહેરવા માટેના અલગ ડ્રેસ સાથે રાષ્ટ્રધ્વજની ખરીદી પણ વાલીઓ કરી રહ્યા છે. દર વર્ષ કરતા આ વર્ષે શહેરમાં રાખડીના વેપારીઓમાં પણ વધારો થયો છે. શહેરમાં ઠેર ઠેર રાખડીઓ ઉપલબ્ધ છે.





સાથે સાથે શ્રાવણ ચાલતો હોવાથી શહેરના મંદિરોમાં પણ ભીડ જોવા મળી રહી છે. જાહેર રજા આવી જવાથી દરેક પોતાના પરિવારજનો સાથે શિવજીના દર્શન કાજે જઈ રહ્યા છે. ધોળેશ્વર મંદિર અને શહેરના બીજા મંદિરોમાં સંધ્યા ટાણે દર્શન કાજે લાઈન જોવા મળી હતી. શહેરના માર્કેટમાં શ્રાવણના લીધે ફ્રુટની ખરીદી પણ વધુ થતી જોવા મળી હતી. આ સાથે શ્રાવણ મહિનાનો ઉપવાસ કરનાર કરતા શ્રાવણના સોમવારનો ઉપવાસ વધુ લોકો શહેરની મિષ્ઠાન અને ફરસાણની દુકાનમાં ફરાળ કરતા પણ જોવા મળ્યા હતા.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જબરીયા જોડી**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

● **ચિકન કરી લો!**
૧૦.૨૦ રાત્રે

● **પ્રણામ**
૧.૪૦ બપોરે

● **સુપર-૩૦**
બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦

● **ચાસણી (ગુજરાતી)**
બપોરે ૧૨.૪૫

● **કબીરસિંગ**
૧૦.૧૦ સવારે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે
૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે

● **ધ લાયન કિંગ**
૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

### સિટી પલ્સ કુડાસણ

● **જબરીયા જોડી**
૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦

● **ચિકન કરી લો!**
૭.૦૦

● **પ્રણામ**
૨.૪૫, ૧૦.૧૫

● **ચાસની (ગુજરાતી)**
૯.૩૦ રાત્રે

● **સુપર-૩૦**
૬.૩૦ સાંજે

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫
૨-ડી અંગ્રેજી ૧.૦૦

● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) ૭.૦૦

● **કબિરસિંગ**
૩.૧૫ બપોરે

● **ખાનદાની શફાખાના**
૧૨.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **જબરીયા જોડી**
૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

● **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ**
૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦
૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫

● **સુપર-૩૦**
૧૨.૧૫, ૬.૩૦

● **ચાસની (ગુજરાતી)**
૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫
(૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

# આવતીકાલે ૫૫૧ ફુટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે શૌર્ય મહાયાત્રા

## સવારે ૭.૪૫ કલાકે સે-૨૫ જીઆઈડીસીથી પ્રારંભ થશે : ઠેર ઠેર રસ્તામાં સ્વાગત કરાશે : ડીજે સાઉન્ડના તાલે દેશભકિતના ગીતો રાષ્ટ્રપ્રેમનો માહોલ સર્જશે : ૧૧ વાગે સેકટર-૧૧માં એમએસ ગ્રાઉન્ડ ખાતે સમાપન

ગાંધીનગર, તા.૧૨

રાષ્ટ્રીય પર્વ એટલે માત્ર સરકારી ઉજવણી એ છાપ બદલી સામાન્ય નાગરિકો પણ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં સામેલ થાય તેમજ રાષ્ટ્રધ્વજ સહિતના રાષ્ટ્રીય પ્રતિકોનું મહત્વ સમજે તે હેતુથી ગાંધીનગરમાં આ વર્ષે ફરીવાર રાધે રાધે પરિવાર અને શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા ૫૫૧ ફુટ લાંબા અને ૧૦ ફુટ પહોળા રાષ્ટ્રધ્વજ સાથેની 'શૌર્ય મહાયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૫માં જીઆઈડીસી સ્થિત શ્રી વદ ઈન્ટરનેશનલ સ્કુલ પાસેથી તા. ૧૪મી જાન્યુઆરી બુધવારના રોજ સવારે ૭.૪૫ કલાકે આ શૌર્ય મહાયાત્રાનો પ્રારંભ થશે જે ૧૧ કલાકે સે-૧૧માં મહાનગર સેવા સદન પહોંચશે.

ડીજે સાઉન્ડમાં વાગતા દેશભકિતના ગીતો તથા જીપ્સી કારમાં ભારતમાતા સાથે ઘોડેસવારો સહિતની આ શૌર્ય મહાયાત્રાનો પ્રારંભ સવારે ૭.૪૫ કલાકે જિલ્લા કલેકટર એસ.કે. લાંગા તથા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ફલેગ ઓફ કરાવશે. શૌર્યમહાયાત્રાનું સમગ્ર રૂટ દરમિયાન વિવિધ સ્થળે સ્વૈચ્છિક સંસ્થાઓ, ખાનગી એકમો, શૈક્ષણિક તથા રાજકીય સંસ્થાઓ દ્વારા સ્વાગત કરાશે. શૌર્ય મહાયાત્રા જીઆઈડીસીથી પ્રસ્થાન થઈને ક-૫, ખ-૫, ખ-૬, ગ-૬, ઘ-૬, ઘ-૫ અને ઘ-૪ થઈને સે-૧૧માં એમ.એસ. ગ્રાઉન્ડ પહોંચશે જયાં સમાપને મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટિ મેયર નાજાભાઈ ઘાંઘર તથા મનપાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા ઉપસ્થિત રહેશે. શૌર્ય મહાયાત્રામાં ૫૫૧ લાંબો રાષ્ટ્રધ્વજ હાથમાં પકડીને ચાલવાનો રોમાંચ અને ગર્વ શહેરના અનેક વિદ્યાર્થીઓ તથા યુવાઓ તે દિવસે માણશે.




વિશ્વ સિંહ દિવસ નિમિત્તે ૫૫૦૦ સામાજિક સંસ્થાઓ દ્વારા ૧૧,૩૦,૩૭૨ લોકોએ સાસણ ગીર ખાતે સિંહ જાગૃતતા રેલી કાઢીને વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો . આ પ્રસંગે મુખ્ય વન સંરક્ષક વસાવડાજી, સરપંચ બલોચજી સહીત વન્ય અધિકારીઓની હાજરીમાં વર્લ્ડ રેકોર્ડના ગુજરાત પ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ રાજીવ શ્રીવાસ્તવ દ્વારા વર્લ્ડ રેકોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## નાસતો ફરતો આરોપી એલસીબીએ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબી પોલીસે રખીયાલ પોલીસ મથકમાં છેંતરપિંડીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતો ફરતા આરોપીને પકડી પાડ્યો છે. એલસીબી-૨ ઈન્ચાર્જ પીઆઈ વા.જે.રાઠોડની ટીમના હે.કો. રાજેન્દ્રસિંહને બાતમી મળી હતી કે કાળુસિંહ જીન્દુસિંહ ઝાલા (રહે મોઢુકા તલોદ) રખીયાલ બજારમાં છે. જેને પગલે પોલીસે તેને રખીયાલ બજારમાંથી પકડી પાડીને પોલીસને સોંપતા પોલીસે તેના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વૈજનાથ મંદિરની પ્રસિધ્ધ રંગોળી બનાવતી શહેરની પાંચ યુવતિઓ



ગાંધીનગર, તા.૧૨

શ્રાવણિયો સોમવાર હોય અને મહાદેવના મંદિરે ભીડ ના જામે એવું બને? શહેરમાં પવિત્ર શ્રાવણ માસના દર સોમવારે શ્રધ્ધાળુઓ ભોળાનાથને રીઝવવા પૂજા અર્ચના અભિષેક કરી રહ્યા છે. શહેરના ચ-૬ કોર્નર નજીક સેકટર-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણિયા સોમવારના મહત્વને અનુલક્ષીને વિશેષ સજાવટ કરવામાં આવે છે. જેમાં ફુલોની અને રંગોની રંગોળી મુખ્ય આકર્ષણ છે. આ પૈકી રંગોની રંગોળી પાંચ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. જેમાંથી એક મહિલા તો છેલ્લા ૧૦ વર્ષથી અહીં રંગોળી બનાવવાની સોવા આપી રહ્યા છે.

વૈજનાથ મહાદેવના મંદિરે દર શ્રાવણ માસના સોમવાર તથા વર્ષ દરમિયાન અગત્યના તહેવારો વખતે મહાદેવજીને ફુલોની રંગોળી તથા રંગોની રંગોળીથી શણગાર કરવામાં આવે છે. મંદિરમાં જમણી તરફના ભાગે સ્થિત શિવલિંગ પાસે રંગોથી મહાદેવજીનું વિશાળ ચિત્ર ખડું કરવામાં આવેલ છે. આ વખતે આ રંગોળી સાધના જોષી, ફાલ્ગુની ભાવસાર, હેતલ જોષી, ભૂમિકા પટેલ તથા દ્દષ્ટિ કોટેચા નામની પાંચ યુવતિઓ દ્વારા કરવામાં આવી છે. આ પૈકી સાધના જોષી તો છેલ્લા ૧૦ વર્ષથી વૈજનાથ મહાદેવ ખાતે રંગોળી બનાવવાની સેવા આપી રહ્યા છે. આ યુવતિઓ પવિત્ર શ્રાવણ માસના દર સોમવાર ઉપરાંત રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ અને ગોકુળ આઠમના તહેવારોના દિવસોએ પણ આ સેવા આપે છે. આ રંગોળી તૈયાર કરવા તેમને સારો એવો ટાઈમ મંદિરે વિતાવવો પડે છે જે તેઓ હર્ષથી વિતાવે છે.

# પુન્દ્રાસણ ગામે બે જુથ વચ્ચે મારામારી

## કિશોરીની હેરાનગતિ મામલે છરી, ધોકા અને લાકડીઓ ઉછળી, પોલીસે ૬ ની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામે ગતરોજ ગામના જ બે જુથ વચ્ચે મારામારીના દશ્યો સર્જાયા હતા. બનાવ અંગે પોલીસે સામસામે ફરીયાદ નોંધાતા તપાસ શરુ કરી છે. જયારે પોલીસે ૧૧ નાગરીકોમાંથી ૬ ની ધરપકડ કરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પુન્દ્રાસણના પ્રવિણજી કોદરજી ઠાકોર (ઉં.વ.૩૭ રહે. હુડકોવાસ) નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના કુટુંબની કિશોરીને ગામનો પંકજ નામનો શખ્સ હેરાન પરેશાન કરતો હતો. જેને પગલે ફરીયાદી અને તેમના બે ભાઈ અને પિતા યુવકને ઠપકો આપવા માટે જઈ રહ્યા હતા. તે સમયે પંકજના ભાઈનો ફોન આવતા તેઓએ રામાપીર મંદિર ખાતે બોલાવ્યા હતા. ફરીયાદી સહિતના કુટુંબના ચાર સભ્યો ત્યાં પહોંચ્યા હતા ત્યારે પંકજજી જયરામજી ઠાકોર, તેનો ભાઈ મનુજી જવાનજી, દીનુજી જવાનજી, ગોકાજી ઉર્ફે મુકેશ પ્રહલાદજી, વિહાજી પ્રહલાદજી, નવઘણ ઉર્ફે ભપુજી પ્રહલાદજી ત્યાં હાજર હતા. કિશોરીની હેરાનગતિ અંગે ઠપકો આપતા ઉશ્કેરાયેલા તમામ સભ્યો અપશબ્દો બોલવા લાગ્યા હતા. જેમાં વિહાજીએ ફરીયાદીને માથામાં છરી તેમજ પંકજજીએ માથામાં પાઈપ મારી હતી. ફરીયાદીના ભાઈ વિક્રમજી અને તેના પિતા બંન્નેને પેટમાં તેમજ છાતીના ભાગે છરી મારી હતી. જયારે ફરીયાદીનો બીજો ભાઈ નરેશજીને આંખ પર ઈજાઓ પહોંચી હતી. જયારે આ મારામારીમાં વચ્ચે પડેલા ફરીયાદીના કાકાના દિકરા હિંમતજી બાબુજીને પણ વિહાજીએ ડાબા હાથે છરી મારી હતી.

જયારે બીજી તરફ મુકેશ ઉર્ફે ગોકાજીએ નોંધાયેલી ફરીયાદ મુજબ પ્રવિણજી અને તેમના ભત્રીજા પંકજજી વચ્ચે મનદુખ અંગે પ્રવિણજી ભત્રીજાને મારવા માટે ફરતા હોવાની વાત મળી હતી. જેથી તેઓએ સમાધાન માટે બોલાવ્યા હતા ફરિયાદી અને તેમનો ભત્રીજો પંકજ રામાપીરના મંદિર ખાતે પહોંચ્યા હતા. ત્યારે પ્રવિણજી કોદરજી, તેમના ભાઈ નરેશજી અને વિક્રમજી તેમજ તેમના પિતા કોદરજી પુંજાજી હાજર હતા. ધોકા અને લાકડી સાથે આવેલા ચારેય સભ્યોએ અપશબ્દો બોલીને તેમના પર હુમલો કર્યો હતો. તે સમયે ફરીયાદીના બીજા સગાઓ દોડી આવતા બંન્ને પક્ષે મારામારી થતા ફરીયાદીને બરડા તેમ બંને પગે નળાના ભાગે તેમજ વિહાજીને માથામાં તેમજ મનુજીને પગે જયારે ભપુજીને માથામાં અને ગળાની નીચે માર વાગ્યો હતો.પુન્દ્રાસણ ગામમાં બે જુથ વચ્ચે મારામારી થતા ગામમાં હોહા મચી ગઈ હતી. જયારે ડરના માર્યા ગ્રામજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. બનાવ અંગે સામસામે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે ૬ ની ધરપકડ કરી લીધી છે તો બીજી તરફ પાંચ શખ્સોની ધરપકડ કરવા માટે પોલીસ શોધી રહી છે.

# ઓમકાર પાન પાર્લર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાશે

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઓમકાર પાન પાર્લર દ્વારા સવારે ૮ કલાકે સે-૨૧ ઓમકાર પાન પાર્લર ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાશે. આ સાથે ૪૦૦ કિલો જલેબી બનાવી દેશ પ્રેમી જનતાને આપવામાં આવશે. જેમાં શહેરના વેપારીઓ સાથે મુસ્લિમ સમાજના અગ્રણીઓ પણ હાજર રહેશે સાથે સાથે આ દિવસે મેગા બ્લડ કેમ્પ પણ યોજાનાર છે.

છેલ્લા ૨૭ વર્ષથી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરતા ઓમકાર પાન પાર્લર દ્વારા આ વર્ષે પણ ઉજવણી કરવામાં આવશે. ૪૦૦ કિલો જલેબી બનાવી જનતાને વહેંચવામાં આવશે. સાથે સાથે મુસ્લિમ સમાજના આઝાદભાઈ મનસુરી સાથે તમામ અગ્રણીઓ ઉપસ્થિત રહી પાનપાર્લરના ઓમકારસિંહનું સ્વાગત કરશે. આ સાથે લાયન્સ કલબ ઓફ હેરિટેજના પ્રમુખ સુનિલ ત્રિવેદી પણ હાજર રહેશે. આ દિવસે રાષ્ટ્રધ્વજ સીતારામભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ફરકાવવામાં આવશે. તદઉપરાંત લદાખ બોર્ડરના નવજવાન અજય ચૌહાણનું અને ૧૦૧ બુલેટ રેલીમાં ભાગ લેનાર ગાંધીનગરના નવ યુવાનોનું સ્વાગત કરવામાં આવશે. ઓમકાર પાન પાર્લરના ઓમકારસિંહ ઠાકુર અને પરિવાર દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



'એક બાળક તિરંગો ખરીદીને ખુશ થાય છે જયારે બીજું બાળક તિરંગો વેચીને' આ આપણા દેશની તાસીર છે જયાં આઝાદીના ૭૩મા વર્ષે પણ બાળકને મજદૂરી કરવામાંથી મુકત કરી શકયા નથી. વિકાસની હોડ સ્માર્ટ સીટીથી લઈને ચંદ્રયાન સુધીના સોપાનો સર કરવા ગતિ પકડી રહી છે પરંતુ દરેક બાળકને તેનું 'બાળપણ' તેની મરજી મુજબ માણવા મળે ત્યારે જ સાચા વિકસિત કહેવાશું ખરું ને?

## રક્તદાન મહાદાન

## બહુજન ક્રાંતિ મોરચાની પરિવર્તન યાત્રા ૧૪મીએ ગાંધીનગરમાં ફરશે

ગાંધીનગર, તા.૧૨

બહુજન ક્રાંતિ મોરચાની કાશ્મીરથી કન્યાકુમારી સુધી રાષ્ટ્રવ્યાપી ઈ.વી.એમ.નો ભાંડા ફોડ પરિવર્તનયાત્રા ૨૬મી જુનથી શરુ થયેલ છે. જે ૬ મહિના સુધી ૧૭ રાજય ૧૮૦ લોકસભા મતવિસ્તારમાં યાત્રા કરશે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪મી ઓગસ્ટે સવારે નવ કલાકે પ્રેસ ચોકડી(ઘ-૭)થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સેકટર-૧૨ સુધી ફરીને સભાના રુપમાં મળશે. યાત્રા અને સભાનું નેતૃત્વ માન્ય વામન મેશ્રામ રાષ્ટ્રીય સંયોજક બહુજન ક્રાન્તિ મોરચા નવી દિલ્હી કરે છે. ચુંટણી કમિશનરશ્રીએ ૧૯૬૧ના નિયમોમાં સુપ્રિમકોર્ટના આદેશની અવગણના કરી સુધારા કરેલ છે. ચુનાવ આયોગે જીદ્દી વલણ અખત્યાર કરેલ છે તેમ ગાંધીનગર જિલ્લા સંયોજક રાજીવ કે. પરીખ, સી.પી. વાઘેલા, મનસુખભાઈ શ્રીમાળીએ જણાવેલ છે.

### ચિરવિદાય

● સ્વ. મંજુલાબેન રૂઘનાથભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૧
● સ્વ. કાન્તાબેન વિષ્ણુપ્રસાદ રાવલ, ઉ.વ. ૬૭
● સ્વ. ઠાકોર તખાજી મગનજી, ઉ.વ. ૭૦

# શનિવારે દેશભક્તિના ગીતોના લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ "રંગ દે બસંતી"નું આયોજન

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી "હેપ્પી યુથ ક્લબ" દ્વારા "સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ"ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં હિન્દી ફિલ્મી સુપર હીટ ગીતોની સુરીલી પ્રસ્તુતિ કરાશે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા "હેપ્પી યુથ કલબ" દ્વારા "સર્જન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ"ના સંયુક્ત ઉપક્રમે ભારતના ૭૩માં સ્વાત્રંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષીને આગામી તા. ૧૭મી ઓગસ્ટ ૨૦૧૯ શનિવારના રોજ દેશભક્તિના ગીતોના સાંસ્કૃતિક સંગીતમય લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ "રંગ દે બસંતી" (એક શામ દેશભક્તિ કે નામ) નું આયોજન ગાંધીનગરના સેકટર-૧૨માં ડો.બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે રાત્રે ૭ થી ૧૧ કલાક દરમ્યાન કરવામાં આવ્યું છે. આ સાથે કાર્યક્રમમાં હિન્દી ફિલ્મ જગતના સુપર હીટ ગીતોની પણ સુરીલી પ્રસ્તુતિ કરવામાં આવશે.

"રંગ દે બસંતી" કાર્યક્રમનો હેતુ યુવાનોમાં રાષ્ટ્ર ભક્તિની ભાવનાને પ્રબળ બનાવવા સાથે આપણા શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો અને ગાંધીનગરના ઉગતા ગાયક કલાકારોને મંચ પૂરું પાડી તેમની પ્રતિભા નિખારવાનો છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહા મુખ્ય અતિથિપદે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. આ સાથે અતિથિ વિશેષપદે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી ડૉ.સી.જે.ચાવડા, ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નાજાભાઈ ઘાંઘર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, નેતા વિપક્ષ શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટીના લાયઝન ઓફિસર શ્રી પી.સી.વલેરા, શિવગન ઈન્ફ્રાટેક ધોલેરાના માલિક શ્રી ગણપતભાઈ મંડા ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવંદનાના આ સંગીત અને નૃત્ય મિશ્રિત કાર્યક્રમને માણવા ગાંધીનગરની રાષ્ટ્રપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમમાં વિના મુલ્યે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. કાર્યક્રમના નિઃશુલ્ક પ્રવેશ પાસ મેળવવા બુધવાર, શુક્રવાર અને શનિવારે સવારે ૧૧ થી સાંજના ૬ દરમ્યાન નિસર્ગ સાયન્સ સેન્ટર, પ્લોટ નં.૬૧/૨, ઘ ટાઈપ, સ્વામિનારાયણ મંદિર સામે, લગ્નવાડી પાસે, સેકટર-૨૩ ખાતે અથવા હેપ્પી યુથ કલબના સ્વયંસેવક શિવાંગ પટેલનો મો.નં. ૯૦૯૯૩૮૨૯૩૬ પર ફોન કરી સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.